# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: 1233
શાખાનું નામ: પ્રાથમિક
તારીખ: 22/6/21
સહી:

## "આચાર્ય અભિરૂચિ કસોટી (HMAT)-૨૦૨૧ સુધારેલ જાહેરનામું"
## "Head Masters Aptitude Test (HMAT)-2021 Amended Notification"

વંચાણે લીધા:

રાજ્ય પરીક્ષા બોર્ડના તા:૧૫/૦૬/૨૦૨૧ ના જાહેરનામા ક્રમાંક:રાપબો/HMAT/૨૦૨૧/૪૧૭૮-૪૨

સુધારેલ જાહેરનામુ: ક્રમાંક:રાપબો/HMAT/૨૦૨૧/૪૩૪૮-૪૩૯૧ તા:૨૧/૦૬/૨૦૨૧

આમુખ દર્શિત જાહેરનામાથી આચાર્ય અભિરૂચિ કસોટી (HMAT)-૨૦૨૧ નું જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. રાજ્ય પરીક્ષા બોર્ડને મળેલ રજૂઆતોને ધ્યાને લઈ ઉમેદવારોના હિતમાં આ પરીક્ષાની આવેદનપત્ર ભરવાની તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા ડોક્યુમેન્ટ વેરિફિકેશન અંગેની તારીખમાં નીચે મુજબનો ફેરફાર કરવામાં આવે છે. જેની સબંધિતોએ ખાસ નોંધ લેવી.

❖ આચાર્ય અભિરૂચિ કસોટી-૨૦૨૧ (Head Masters Aptitude Test- HMAT)-2021 નો સુધારેલો કાર્યક્રમ:

| ક્રમ | વિગત | તારીખ/સમયગાળો |
|---|---|---|
| ૧ | સુધારેલુ જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | ૨૧/૦૬/૨૦૨૧ |
| ૨ | વર્તમાનપત્રોમાં આ ફેરફાર અંગેની જાહેરાત પ્રસિદ્ધ થવાની તારીખ | ૨૨/૦૬/૨૦૨૧ |
| ૩ | ઉમેદવારો માટે રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરવાનો સમયગાળો | ૧૯/૦૭/૨૦૨૧ થી ૩૧/૦૭/૨૦૨૧ |
| ૪ | નેટ બેંકીંગ મારફત ફી સ્વીકારવાનો સમયગાળો | ૧૯/૦૭/૨૦૨૧ થી ૦૧/૦૮/૨૦૨૧ |
| ૫ | લેટ ફી રાજ્ય પરીક્ષા બોર્ડ ખાતે જમા કરાવવાનો સમયગાળો | ૦૨/૦૮/૨૦૨૧ થી ૦૩/૦૮/૨૦૨૧ |
| ૬ | ઉમેદવારોના ભરાયેલ આવેદનપત્રોમાં રજૂ થયેલ લાયકાત/અનુભવની વિગતોનુ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા વેરિફિકેશન કરી આવેદનપત્ર એપ્રુવ કરવાનો સમયગાળો | ૦૪/૦૮/૨૦૨૧ થી ૧૧/૦૮/૨૦૨૧ |
| ૭ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ એપ્રુવ કરેલ આવેદનપત્રો બોર્ડ ખાતે જમા કરાવવાનો સમયગાળો | ૧૨/૦૮/૨૦૨૧ થી ૧૩/૦૮/૨૦૨૧ |

**ખાસ નોંધ:** આ પરીક્ષાની તારીખ અંગેની જાહેરાત હવે પછીથી કરવામાં આવશે. જેની તમામ સબંધિતોએ નોંધ લેવી. આ અંગે તમામ સુચનાઓ માટે SEB ની વેબસાઇટ સતત જોતા રહેવા જણાવવામાં આવે છે.

❖ લેટ ફી:-

- જે ઉમેદવારોને નિયત સમયગાળામાં ફી ભરવાની રહી ગઇ હોય તેવા ઉમેદવારો તા:૦૨/૦૮/૨૦૨૧ થી તા:૦૩/૦૮/૨૦૨૧ દરમ્યાન રૂ! ૨૦૦/- લેટ ફી સહિત નિયત ફી રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે રૂબરૂ ભરી શકશે.



Scanned with CamScanner

* આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૧૯/૦૭/૨૦૨૧ (બપોર ૧૪.૦૦ કલાક) થી તા:૩૧/૦૭/૨૦૨૧ (રાત્રે ૨૩.૫૯ કલાક)—દરમિયાન http://ojas.gujarat.gov.in પર ઓનલાઈન જ અરજીપત્રક સ્વીકારવામાં આવશે.
* ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ અનુભવ/લાયકાત ની વિગતોનું ડોક્યુમેન્ટ વેરિફિકેશન સબંધિત જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા તા:૦૪/૦૮/૨૦૨૧ થી તા:૧૧/૦૮/૨૦૨૧ દરમ્યાન થનાર હોય ઉમેદવારોએ ઓનલાઇન દર્શાવેલ અનુભવ/લાયકાત અંગેના અસલ દસ્તાવેજો સાથે તેઓ જે જિલ્લામાં શિક્ષક હોય તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ખાતે અચુક ઉપસ્થિત રહેવાનું રહેશે અનુપસ્થિત રહેનાર ઉમેદવારની ઉમેદવારી રદ કરવાને પાત્ર રહેશે જેની સબંધિત તમામે ખાસ નોંધ લેવી.
* **શૈક્ષણિક લાયકાત અને અનુભવની વિગતો, કસોટીનું માળખુ, પરીક્ષા ફી, ફી ભરવાની પધ્ધતિ, કસોટી/પરીક્ષા કેન્દ્ર, પ્રશ્નપત્રનું માધ્યમ સહિતની અન્ય સુચનાઓ રાજ્ય પરીક્ષા બોર્ડના તા:૧૫/૦૬/૨૦૨૧ ના જાહેરનામા ક્રમાંક:રાપબો/HMAT/૨૦૨૧/૪૧૭૮-૪૨૨૧ અનુસાર યથાવત રહેશે જેની સબંધિતોએ નોંધ લેવી.**

સ્થળ:ગાંધીનગર
તારીખ:૨૧/૦૬/૨૦૨૧

(પી એ. જલુ)
અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

ક્રમાંક:મકમ/hmat/21-22/ 720
જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી-અમરેલી
તા.28/06/2021

પ્રતિ,
આચાર્યશ્રી/આચાર્યાશ્રી,
સરકારી તથા ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
જિ.અમરેલી

ઉપરોક્ત વિષયે જાણ સારૂ...

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

* નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
* સચિવશ્રી, માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

-----------------



Scanned with CamScanner